ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/ પોલીસી / ૧ (૧૦) / ૪૪
જીઆઈડીસી, ઉધોગભવન, ગાંધીનગર
તા.૦૩/૧૦/૨૦૧૨.

## // પરિપત્ર //

વિષય : નિગમની વસાહતોમાં આવેલ ઉદ્યોગોની વિજળીની જરૂરિયાતને પુરી પાડવા માટે વીજ કંપનીઓ ધ્વારા વસાહતની બહારથી વસાહતમાં આવેલ તેમના સબ સ્ટેશન સુધી ઓવર હેડ અથવા અન્ડરગ્રાઉન્ડ વિજળી લાઈન નાખવા માટે ROU (ઉપયોગનો અધિકાર) તરીકે વપરાતી જમીનના ભાડામાં ૫૦% રાહત આપવા બાબતઃ

સંદર્ભઃ—
૧. પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧/(૮)/૩૭ તા. ૩૧/૮/૨૦૦૯.
૨. પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧/(૮)/૩૬ તા. ૧૭/૯/૨૦૧૦.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ જુદી જુદી જગ્યાએ ઔદ્યોગિક વસાહતો વિકસાવી રહેલ છે. વસાહતમાં આવેલ ઔદ્યોગિક એકમોની વિજળીની જરૂરિયાત પુરી કરવા માટે સરકારી તેમજ ખાનગી વિજ કંપનીઓને વસાહતની બહાર આવેલ તેમના સબ–સ્ટેશનથી વસાહતની અંદર વિકસાવવામાં આવેલ તેઓના સબ–સ્ટેશન સુધી ઓવરહેડ કે અન્ડરગ્રાઉન્ડ વિજળીની લાઈનો નાંખવી જરૂરી બને છે. આ લાઈનો નાંખવા માટે તેઓ નિગમનાં યુટીલીટી કોરીડોર માટે આરક્ષીત અથવા અન્ય જમીન ROU (ઉપયોગનો અધિકાર) બેઈઝ પર વાપરતા હોય છે. આ વપરાશ માટે હાલની નિગમની નીતિ મુજબ નિગમની જે તે વસાહતની પ્રવર્તમાન ફાળવણી કિંમતના ૧૦ % લેખે ૧૦ વર્ષ માટેનું ભાડુ એકી સાથે વસુલવામાં આવે છે.

જુદી જુદી વિજ કંપનીઓ તેમજ ઔદ્યોગિક વસાહતોમાં આવેલ ઉદ્યોગો તરફથી આ ભાડું વધુ હોવાનું તેમજ તેને કારણે વિજ કંપનીઓ તેમજ ઉદ્યોગકારો ઉપર વધુ આર્થિક ભારણ પડતુ હોવાથી તે માફ કરવા અથવા ઘટાડવા માટે અનેક રજુઆતો મળતી રહે છે. આ બાબતે નિગમની ૪૬૮મી સભા સમક્ષ કાર્યસુચિ સાદર કરવામાં આવેલ તેના ઉપર પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંકઃ ૧૪૫/વિતરણ/૪૬૮/૨૦૧૨ થી નીચે મુજબ સુધારો કરવામાં આવ્યો.

વિજ પૂરવઠો નિગમની વસાહતોમાં આવેલ ઉદ્યોગો માટે પાયાની જરૂરિયાત હોવાથી અને વિજ કંપનીઓ તેમજ ઉદ્યોગકારોને વિજ પૂરવઠો વ્યાજબી ભાવે મળે તે જરૂરી હોવાથી હવે પછીથી નિગમની તમામ વસાહતોમાં કોઈપણ વિજ કંપની ધ્વારા જે તે વસાહતમાં આવેલ ઉદ્યોગો તેમજ આનુષાંગિક સેવાઓ પુરતો વિજ પૂરવઠો પુરો પાડવા માટે વસાહતની બહારથી વસાહતની અંદર આવેલ તેમના સબ–સ્ટેશન સુધી ઓવરહેડ કે અન્ડરગ્રાઉન્ડ વિજ લાઈન નાખવા માટે નિગમ ધ્વારા આરક્ષીત યુટીલીટી કોરીડોર અથવા અન્ય જમીનની ROU (ઉપયોગનો અધિકાર) બેઈઝ ઉપર માંગણી કરવામાં આવે તેવા કિસ્સાઓમાં હાલની પ્રવર્તમાન નીતિના ૧૦% ના બદલે જે તે વસાહતની પ્રવર્તમાન ફાળવણી કિંમતના ૫ % લેખે ભાડુ એકી સાથે વસુલી ROU (ઉપયોગનો અધિકાર) તેમજ આ અંગેના નિગમના ઉપરોક્ત પરિપત્રની પેટા ભાડા સિવાયની અન્ય તમામ શરતો યથાવત રાખવાની રહેશે.

આવી દરખાસ્તની મંજુરી આપવાની સઘળી સત્તા નિગમના ઉપા. અને વહી. સંચાલકશ્રી હસ્તક રહેશે.

નિગમના તમામ વિતરણ અધિકારીઓએ ઉપરોક્ત નીતિ વિષયક સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કા.નિ.શ્રી ને પાઠવવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

- નિગમનાં તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણસારૂ.
- મેનેજરશ્રી ( એસ.એન્ડ એ.), જીઆઈડીસી, ગાંધીનગર તરફ સદર પરીપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યું,
૩/૧૦ જનરલ મેનેજર( ઈ એન્ડ એ)